સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી/એએચ/૨૦૨૬-૨૭ તા.૦૨.૦૭.૨૦૨૬

# પરિપત્ર નંબર - ૨૧

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

**વિષય : સંઘના એ.એચ. કોમ્પ્લેક્ષ ખાતે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત હિફર રિયરિંગ સેન્ટર યોજના બાબત.**

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે સંઘના એ.એચ.કોમ્પ્લેક્ષ ખાતે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત NDDB ના સહયોગથી સંઘ દ્વારા ૫૦૦ હિફર માટે હિફર રિયરિંગ સેન્ટર યોજનાના અમલીકરણ માટે સંઘ સભાસદોના ઘરે કૃત્રિમ બીજદાન કે ગર્ભ પ્રત્યારોપણથી જન્મેલ પ્યોર એચ.એફ. કે એચ.એફ.સંકર વાછરડીઓની સંઘ દ્વારા ખરીદી કરી વૈજ્ઞાનિક ઢબે તેમનો ઉછેર કરી વહેલામાં વહેલી તકે ઉચ્ચ ગુણવત્તા વાળા સાંઢના બીજથી કે ગર્ભપ્રત્યારોપણ થી ગાભણ કરી સંઘ સાથે સંકળાયેલ પશુપાલકોને વ્યાજબી ભાવે વેચાણથી આપવા યોજનાનું તા: ૦૧.૦૭.૨૦૨૬ થી નીચે દર્શાવેલ મુદ્દાઓને ધ્યાને રાખી અમલીકરણ કરવામાં આવનાર છે.

૧. ફક્ત પ્યોર એચ.એફ. કે એચ.એફ. સંકર વાછરડીઓની ખરીદી કરવાની થાય છે.

૨. સંઘના એ.એચ.કોમ્પ્લેક્ષ ખાતે હયાત શેડમાં અંદાજીત ૨૨૫ વાછરડીઓનો સમાવેશ કરી શકાય તેમ હોઈ તબક્કાવાર વહેલા તે પહેલા ધોરણે ૨૨૫ વાછરડીઓની ખરીદી કરવામાં આવશે. ત્યાર બાદ જેમ જેમ શેડની વ્યવસ્થા ઉપલબ્ધ થશે તેમ તેમ અન્ય વાછરડીઓની ખરીદી કરવામાં આવશે.

૩. સદર વાછરડીઓ કૃત્રિમ બીજદાન અથવા ગર્ભ પ્રત્યારોપણથી જ જન્મેલ હોવી જરૂરી છે.

૪. ખરીદ સમયે વાછરડીની ઉંમર ૧૦ માસથી વધુ હોવી જરૂરી છે.

૫. વાછરડીઓનો બાહ્ય દેખાવ સંતોષકારક હોવો જરૂરી છે, જેમકે શીંગડી કાઢેલી હોય અને ઉંમરની સાપેક્ષમાં વજન હોવો જરૂરી છે.

૬. પ્રાથમિક પસંદગી પછી જરૂર જણાયે બૃસેલ્લા, ટી.બી અને જે.ડી જેવા રોગોનું પરીક્ષણ કરવામાં આવશે અને જો પરીક્ષણમાં પોઝીટીવ જણાશે તો ખરીદ કરવામાં આવશે નહિ. સદર પરીક્ષણનો ખર્ચ સંઘ દ્વારા ભોગવવામાં આવશે.

૭. ઉપર જણાવેલ રોગોના પરીક્ષણમાં નેગેટીવ હોય તથા વાછરડીઓની માતાનું આખા વેતરનું દૂધ ૫૦૦૦ લીટર કે તેથી વધુ હોય તો તેવી વાછરડીઓની ખરીદીમાં સંઘ દ્વારા પ્રાથમિકતા આપવામાં આવશે.

૮. આખરી પસંદગી થયેલ વાછરડીઓનું વજન વૈજ્ઞાનિક સૂત્રથી નક્કી કરવામાં આવશે.

૯. વાછરડીની ખરીદ કિંમત પ્રતિ કિલો રૂ. ૧૦૦ /- અંકે રૂપિયા સો પુરા લેખે નક્કી કરવામાં આવશે.

૧૦. સંઘ દ્વારા ખરીદ કરેલ વાછરડી સભાસદના ઘરેથી સંઘ ખાતે લાવવામાં આવશે, જેનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ તેમજ વિમાના ખર્ચની રકમ સંઘે ભોગવવાનો થાય છે.

૧૧. વાછરડીની ખરીદ કિંમત દૂધ મંડળીના દૂધ બીલમાં જમા આપવામાં આવશે.

૧૨. સંઘ દ્વારા ખરીદી કરેલ વાછરડીઓનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરી વહેલામાં વહેલી તકે ઉચ્ચ ગુણવત્તા વાળા સાંઢના બીજથી કે ગર્ભ પ્રત્યારોપણથી ગાભણ કરી નીચે કોષ્ટકમાં જણાવેલ કિંમતે સંઘ સભાસદોને વેચાણથી આપવામાં આવશે. સદર એચ.એફ. કે એચ.એફ.સંકર વાછરડીઓનું વેચાણ કરતી વખતે જે સભાસદ પાસેથી વાછરડી ખરીદવામાં આવેલ છે, તે સભાસદને પ્રાધાન્ય આપવામાં આવશે અને જો તે સભાસદ સદર વાછરડીને ખરીદવા અસમર્થતા દર્શાવશે તો જ અન્ય સંઘ સભાસદોને સંઘના નીતિ નિયમ મુજબ વેચાણથી આપવામાં આવશે.

| અ.નં. | વાછરડીની વિગત | વેચાણ કિંમત રૂપિયા |
|---|---|---|
| ૧ | ગર્ભ પ્રત્યારોપણથી ગાભણ થયેલ અને વિયાણ બાદ બચ્ચાને સંઘ દ્વારા રાખી ફક્ત વિવાયેલ દૂધ આપતી માતાની વેચાણ કિંમત | ૫૦૦૦૦/- |
| ૨ | ઉચ્ચ ગુણવત્તા વાળા સાંઢના બીજથી ગાભણ થયેલ (૮-૯ માસ ગાભણ) વાંછરડીની વેચાણ કિંમત | ૫૫૦૦૦/- |
| 3 | ગર્ભ પ્રત્યારોપણથી ગાભણ થયેલ (૮-૯ માસ ગાભણ) વાંછરડીની વેચાણ કિંમત | ૮૫૦૦૦/- |

૧૩. સમયાંતરે સદર વાછરડીઓના ખરીદ ભાવ તેમજ વેચાણભાવમાં વધ-ઘટ કરવાની સત્તા સંઘને અબાધિત રહેશે.

સદર યોજનાનો લાભ લેવા માંગતા સંઘ સભાસદોએ તા : ૦૧.૦૭.૨૦૨૬ થી નજીકના વેટરનરી સેન્ટર ઇન્ચાર્જશ્રીનો સંપર્ક કરવો.

**સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

| | | | |
|---|---|---|---|
| ઇન્ચાર્જ હિંમતનગર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૫૮ | ઇન્ચાર્જ મેઘરજ વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૪૪ |
| ઇન્ચાર્જ ઈડર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૨૪ | ઇન્ચાર્જ માલપુર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૪૬ |
| ઇન્ચાર્જ વડાલી વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૨૭ | ઇન્ચાર્જ બાયડ વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૬૨ |
| ઇન્ચાર્જ ખેડબ્રહમા વેટરનરી | ૯૪૨૭૦૮૩૬૫૫ | ઇન્ચાર્જ ધનસુરા વેટરનરી | ૯૪૨૮૫૧૩૬૧૧ |
| ઇન્ચાર્જ ભીલોડા વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૭૧ | ઇન્ચાર્જ તલોદ વેટરનરી | ૯૪૨૭૮૬૨૯૧૪ |
| ઇન્ચાર્જ શામળાજી વેટરનરી | ૯૪૨૭૪૮૧૫૮૨ | ઇન્ચાર્જ પ્રાંતિજ વેટરનરી | ૯૪૨૯૪૫૭૮૬૭ |
| ઇન્ચાર્જ મોડાસા વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૫૦ | | |

**આભાર સહ...**

નકલ રવાના:

આપનો વિશ્વાસુ,

૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ

૨. તમામ વિભાગીય વડાઓ તરફ

3. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ

Sd/
(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર,
સાબરડેરી, હિંમતનગર.